## ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ, ગુજરાત સરકાર

## ઓફીસ : જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર

પ્રવેશ નિયમોમાં સુધારાના કારણે રજીસ્ટ્રેશનની ફરીથી જાહેરાત
શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ વર્ષ ફીજીઓથેરાપી,બી.એસ.સી.નર્સિંગ,
જી.એન.એમ.,એ.એન.એમ.,નેચરોપથી, બી.એ.એસ.એલ.પી, ઓર્થોટીક્સ અને પ્રોસ્થેટીક્સ, ઓપ્ટોમેટ્રિ અને
ઓક્યુપેશનલથેરાપી અભ્યાસક્રમો માટે

ગુજરાત બોર્ડ, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સિલ ઓફ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશન બોર્ડ, કેમ્બ્રિજ ઇન્ટરનેશનલ બોર્ડ અને નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલિંગની ગુજરાત રાજ્યમાં આવેલ સ્કુલોમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ના ધોરણ-૧૨ અને અગાઉના વર્ષોમાં બોર્ડ દ્વારા ( વિજ્ઞાન પ્રવાહ,સામાન્ય પ્રવાહ ,ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ ) લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ અને આરોગ્ય વિભાગ, ગુજરાત સરકારના પ્રવેશ નિયમો મુજબ તેમજ જે-તે કાઉન્સિલનાં નિયમો મુજબ લાયકાત ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી/કામદાર રાજ્ય વિમા નિગમ/મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો માટે પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના ઓનલાઈન પીન વિતરણ અને ઓનલાઈન રજીસ્ટ્રેશન નો કાર્યક્રમ નીચે પ્રમાણે રહશે.

| ક્રમ | વિગત | તારીખ અને સમય | |
|---|---|---|---|
| | | થી | સુધી |
| ૧. | પ્રવેશ સમિતિ ની વેબસાઈટ પરથી ઓનલાઈન પીન ખરીદી | ૨૯ / ૦૫ / ૨૬ સવારે ૧૧:૦૦ કલાક થી | ૧૨ / ૦૬ / ૨૬ બપોરે ૧૨:૦૦ કલાક સુધી |
| ૨. | ઓનલાઇન રજીસ્ટ્રેશન અને પ્રમાણપત્રો અપલોડ માટે | ૨૯ / ૦૫ / ૨૬ સવારે ૧૧:૦૦ કલાક થી | ૧૨ / ૦૬ / ૨૬ સાંજે ૦૪:૦૦ કલાક સુધી |
| ૩. | હેલ્પ સેન્ટર ખાતે અરજી અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી | ૩૦ / ૦૫ / ૨૬ સવારે ૧૦:૦૦ કલાક થી | ૧૩ / ૦૬ / ૨૬ બપોરે ૧૨:૦૦ કલાક સુધી |

- ઓનલાઈન પીન પ્રવેશ સમિતિની વેબસાઇટ www.medadmgujarat.org પર માંગેલ પ્રાથમિક માહિતી પૂરી પાડયા બાદ રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ)ની ઓનલાઈન ચુકવણી કર્યા પછી તમારા રજીસ્ટર મોબાઇલમાં USER ID અને PIN મોકલવામાં આવશે.
- ઉમેદવારે પ્રવેશ સમિતિની વેબસાઇટ www.medadmgujarat.org પર લોગ ઇન કરી રજીસ્ટ્રેશનની પાર્ટ - ૧ ની પ્રક્રિયા અને પાર્ટ-૨ માટે સંબધિત પ્રમાણપત્રો અપલોડ કરેથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ ગણવામાં આવશે.
- તમામ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો,તેમના વાલીઓ અને તમામ અન્ય સંલગ્ન વ્યક્તિઓએ પ્રવેશ પ્રક્રિયા અંગેની રોજબરોજની માહિતી માટે સમયાંતરે પ્રવેશ સમિતિની વેબસાઇટ www.medadmgujarat.org ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.

**સભ્ય સચિવ**